1

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં. ૧૨, બીજો માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા., ગાંધીનગર.
તા.૦૯/૦૯/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
રાજ્યની બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને બી.એડ કોલેજ, તમામ

વિષય: અધ્યાપક સહાયકની કેન્દ્રિયકૃત ભરતી માટે એન.ઓ.સી. મેળવવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેની કચેરીનાં રાજ્યની બિનસરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજોનાં વર્કલોડની ચકાસણી તા.૨૪.૦૭.૨૦૧૯ થી તા.૨૯.૦૭.૨૦૧૯ દરમિયાન કરવામાં આવેલ હતી. ચકાસણી દરમિયાન માલુમ પડેલ અધ્યાપકના મૃત્યુ, નિવૃત્તિ કે રાજનામાંના કારણે ખાલી પડેલ જગ્યાઓ શિક્ષણ વિભાગના તા.૨૫.૦૮.૨૦૦૫ અને તા.૧૪.૦૯.૨૦૧૧ નાં ઠરાવની જોગવાઈ મુજબ કેન્દ્રિયકૃત ભરતી પ્રકિયાને અનુસરી અધ્યાપક સહાયકથી ભરવા એન.ઓ.સી. ઇસ્યુ કરી ભરતી પ્રકિયા હાથ ધરવાની થાય છે. જે હેતુસર જરૂરી એન.ઓ.સી. ઇસ્યુ કરવા આ સાથે સામેલ પત્રક ૦૧ મુજબની કોલેજોનાં આચાર્યશ્રીઓએ <u>*તા.૧૨.૦૯.૨૦૧૯ નાં રોજ સવારના ૧૦:30 કલાકે કે.સી.જી. કચેરી અમદાવાદ*</u> ખાતે આયોજિત કેમ્પમાં અચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

સૂચિત એન.ઓ.સી.ની ગણતરી શૈક્ષણિક વર્ષ:-૨૦૧૮-૧૯ નાં વર્કલોડ તથા મંજુર મહેકમ આધારે કરવામાં આવેલ છે. દરમિયાન ચાલુ શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦ માં સંબંધિત વિષયમાં નિયમો અનુસાર પર્યાપ્ત વર્કલોડ ઉપલબ્ધ છે તે માટે આ સાથે સામેલ નમુના મુજબનું જ સંબંધિત કોલેજના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર તેમજ સંસ્થા મંડળનું એકરારનામુ/સોગંદનામું કોલેજ લેટરપેડ પર સહી-સિક્કા સાથે લાવવાનું રહેશે તથા સંબંધિત વિષયમાં ચાલુ વર્ષ દરમિયાન કુલ કેટલો વર્કલોડ છે, વર્કલોડની કેટલી અને કઈ રીતે ફાળવણી થયેલ છે, હાલમાં કેટલા અધ્યાપકો ઉપલબ્ધ છે, ફાળવણી માટે બાકી વર્કલોડની વિગતો વિગેરે માહિતી આ સાથે સામેલ પત્રકોમાં આધારો સાથે ઉપરોક્ત આયોજન મુજબ કેમ્પમાં હાજર રહી રજુ કરવા જણાવવામાં આવે છે. વિશેષમાં, સામેલ એકરારનામું/સોગંદનામું તેમજ પ્રમાણપત્ર નિયત નમૂનામાં કોલેજ લેટરપેડ પર આચાર્યશ્રીના સહી-સિક્કા સાથે રજુ કરવાનું રહેશે તથા એકરારનામું/સોગંદનામું તેમજ પ્રમાણપત્રના કોલમ: ૮ અને ૯ ની વિગતો ખાલી રાખવાની રહેશે. જે કેમ્પ સમયે જણાવવામાં આવે તે મુજબ વિગતો ભરી રજુ કરવાના રહેશે.

વિશેષમાં આ સાથે સામેલ પત્રક ૦૨ મુજબની કોલેજો તા.૨૯.૦૮.૨૦૧૯ થી તા.૦૪.૦૯.૨૦૧૯ દરમિયાન આયોજિત કેમ્પમાં ઉપસ્થિત રહેલ ન હતી. આથી તે કોલેજોએ ઉપરાંત, પત્રક ૦૩ મુજબની કોલેજોએ રોસ્ટર રજીસ્ટર પરત મેળવવા સંબંધિત તા.૦૫ અને ૦૬.૦૯.૨૦૧૯ નાં કેમ્પમાં ઉપસ્થિત રહેલ નથી. આથી આ કોલેજોએ પણ ઉપર જણાવેલ તારીખ, સમય અને સ્થળે હાજર રહેવા જણાવવામાં આવે છે.

ઉપર જણાવેલ પત્રક ૦૧, ૦૨ અને ૦૩ માં સમાવિષ્ટ કોલેજોએ જણાવેલ તારીખે કેમ્પમાં બિન ચૂક હાજર રહેવાનું રહેશે. જો કોઈ કોલેજ ગેર હાજર રહેશે તો તે કોલેજને હવે પછી કેમ્પની કોઇ જ તારીખ ફાળવવામાં આવશે નહી. તેમજ કોઈ રજૂઆત પણ ધ્યાને લેવામાં આવશે નહીં. જેની નોંધ લેવી.

બિડાણ: ઉપર મુજબ

સંયુકત શિક્ષણ નિયામક(કોલેજ)
ગુ. રા., ગાંધીનગર.

| SR NO | E Gyan Sr. No | Name of College | Address | Team Code |
|---|---|---|---|---|
| 1 | 1 | Shree Swaminarayan Arts College | Geetamandir Road, Ahmedabad-380022 | A |
| 2 | 3 | L. D. Arts College | Opp. IIM, Ahmedabad | |
| 3 | 8 | Sardar Vallabhbhai Arts College | Relief Road, Patthakuva, Ahmedabad | |
| 4 | 15 | Sheth R. A. College of Arts & Commerce | Nilkanth Vidhyagauri marg, Khanpur, Ahmedabad-380001 | |
| 5 | 30 | C. C. Sheth College of College, Ahmedabad | Navgujarat Campus, Ashram Road, Ahmedabad-14 | |
| 6 | 46 | R.G.Shah Science College, Ahmedabad | Near Telephone Exchange, Vasna,Ahmedabade-380007. | |
| 7 | 55 | Smt.V.D. Ghelani Mahila Arts College, Savarkundala | Shree K.K.High School Campus, Savarkundala Dist.Amreli-364515. | |
| 8 | 88 | bhavan's Shri I.L. Pandya Arts, Science & Smt. Jashodaben M.Shah Commerce College | Dakor Umreth Road, Thasra,Kheda-388225. | |
| 9 | 45 | bhavan's Sheth R.A. College Of Science | Vidyagauri Nilkanth Roda, Khanpur Ahmedabad-380001. | |
| 10 | 76 | Shri R.P.Arts K.B.Commerce & Smt.B.C.J.Science College | Vallabh Vidyanagar,Anand. | |
| 11 | 93 | J & J College of Science | College Road, Nadiad. Dist. Kheda | |
| 12 | 100 | M. B. College of Commerce & Shri Goswami M. N. Lalji Arts College | College Campus, Purushottam park, Dehgam- 382305 | |
| 13 | 111 | Shri Mohansinh Chhotubhai Rathava Arts College | Taraour Road, Ta- Pavi, Dist- Chhota Udepur | |
| 14 | 130 | Arts & Commerce College, Mendarda | Near Bus Station, Mendarda-362260 Dist. Junagadh | B |
| 15 | 145 | Shri M.R. Desai Arts & Shri E. E. Laher Kosadia Commerce College | Chikhli - 396521 , Dist.-Navsari | |
| 16 | 146 | H. R. Shah Mahila Arts & Commerce College | Near Sahid Chowk, Kumbharwad, Navsari 39645 | |
| 17 | 147 | Sorabji Burjorji Garda (Arts) & P. K.Patel College of Commerce | Sayaji Road, Navsari | |
| 18 | 158 | Jethiba K. Patel Arts & B.A. Patel And D. B. Vyas Commerce College | Patan Road, Ruppur-Chanasma,Dist. Patan-384220. | |
| 19 | 165 | Gurukul Mahila Arts and Commerce College, Porbandar | P.B.No-21 Porbandar-360575. | |
| 20 | 166 | Shri K.H.Madhvani Arts & Commerce College | Near Civil Airport, N.H.-8B, Porbandar. | |
| 21 | 179 | Shree Jayendrapuri Arts & Science College | College campus, Old N.H.-8,Bharuch-392001. | |
| 22 | 186 | L.R.Valia Arts & P.R.Mehta Commerce College | Vidhyanagar,Bhavnagar-364002. | |
| 23 | 191 | C.& S.H. Desai Arts & L.K.L Doshi Commerce College | Sevalia Road,Balasinor Dist-Mahisagar. | |
| 24 | 201 | Shree U.P.Arts,Smt.M.G.Panchal Science And Shree V.L.Shah Commerce College | Pilval, Ta.Vijapur,Dist.-Mehsana | B |

Scanned by Cam

| | | |
|---|---|---|
| 204 | Smt.A.S.Chaudhary Mahila Arts & Home science College | Shri Sarvjanik Vidhya Sankul,Opp Arvind Baug, Mehsána-384001 |
| 213 | M.M.Science College | Near Nazarbaug Railway Station, Bhadiad Road,Morbi-363642. |
| 218 | Smt.R.P. Bhalodia Mahila Arts & Commerce And Shree N.P. Bhalodia Home Science College | Kolki Road,Upleta. |
| 223 | Shree Patel Mahila Arts College | Junu Bus Stand, Dhoraji -360410 |
| 226 | Smt. J. J. Kundalia College of Arts Commerce | Opp. Shastri Maidan, Rajkot |
| 230 | Swa. M. J. Kundaliya Arts & Commerce Mahila College | Rashtriyashala Compound, Rajkot-360002 |
| 232 | Shri Sadgurudev Shri Ranchhoddasji Bapu Mahila Home Science College Lt. Meenaben jayatilal Kundaliya English Medium Mahila Commerce College | Chaudhary High School Campus, kasturba Road, Opp. Jain Derasar, Rajkot -360001 |
| 240 | Shree Janki vallabh Arts & Shree manubhai C. Patel Commerce College | Muval-391430, Ta -Padra, Dist. -vadodara |
| 251 | Smt. C. D. Jhobalia Rofel Arts & Smt. I.S.R. Achchhariwala Rofel Commerce College | Rofel Campus, Post Box No. 67, Vapi - 396191 |
| 255 | Sheth H. P. Arts & T. S. M. Commerce College | Talod Campus, Dist.- sabarkantha |
| 258 | Sheth Shree Bhuralal Chhaganlal Shah Arts College | Ta.-Vadali, Dist.-Sabarkantha |
| 265 | Arts , Science & Commerce College, Kholwad | College Campus, Kamrej Cross Road,Surat-394185. |
| 269 | M.T.B. Arts College | Athwalines Surat-395001 |
| 270 | Navyug Arts College | Morarji Desai Shaixanik Sankul, Rander Road, Surat-395009. |
| | D. D. Choksi College of Secondary Education, Palanpur | Palanpur, Banaskantha |

# શ્રી વડાલી કેળવણી મંડળ

(Exemption U/S 80 G(5) of the I.T. Act 1961 No. DIT (E)/80G(5)/144/07-08 Dt. 22-09-08)



શ્રી વડાલી કેળવણી મંડળ
મુ.પો.તા. વડાલી
જી. સાબરકાંઠા, પીન - ૩૮૩૨૩૫

SHRI VADALIKELAVANI MANDAL
AT & PO. VADALI
DIST. SABARKANTHA, PIN - 383235

જા.નં. 7/3/2022        તા. 29/07/2022

વંચાણે લીધા :-

(1) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,ગાંધીનગરના તા:-૧૨/૦૬/૨૦૨૧ ના આદેશક્રમાંક કવટ/ISCB/ભરતી/૨૦૨૧/25B/200 થી મળેલ એન.ઓ.સી.

(2) તા. 29/07/2022ની ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના ભલામણપત્ર ક્રમાંક CHE/RAS2020/248

(3) ગુજરાત સરકારનો શિક્ષણ વિભાગનો તા. 4/4/2017નો ઠરાવ ક્રમાંક એનજીસી/1104/1657/ખ.

કચેરી આદેશ :-

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા રાજ્યની બિન સરકારી અનુદાનિત વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, બી.આર.એસ., હોમસાયન્સ, કાયદો અને શિક્ષણ વિદ્યાશાખાની કોલેજોમાં શૈક્ષણિક ખાલી જગ્યાઓની કેન્દ્રિયકૃત ભરતી પ્રક્રિયા માટે જાહેરાત આપવામાં આવેલ હતી. આ ભરતી પ્રક્રિયામાં અત્રેની કોલેજને આમુખ (1) થી ફાળવવામાં આવેલ એન.ઓ.સી.નો સમાવેશ કરવામાં આવેલ હતો. આ જગ્યાઓ પર શ્રેષ્ઠ અધ્યાપકોની ઉપલબ્ધિ પારદર્શી પદ્ધતિએ નિયમાનુસાર થાય તે માટે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. 23-12-2019ના ઠરાવ ક્રમાંક એનજીસી/1019/CHE-768/ખ ને આધિન ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે.

આ ભરતી પ્રક્રિયા અંતર્ગત તા:-૨૯/૦૭/૨૦૨૨.ના રોજ સરકારી વિજ્ઞાન કોલેજ,ગાંધીનગર કેન્દ્ર ખાતે અત્રેની કોલેજના ઈતિહાસ વિષયની ST કેટેગરી માટે ઈન્ટરવ્યુ કાર્યવાહી યોજાઈ હતી. આ ઈન્ટરવ્યુ કાર્યવાહીમાં અધ્યાપક સહાયકની ખાલી જગ્યા પર નીચેની વિગતે ઉમેદવાર પસંદગી પામ્યા છે.

| ઉમેદવારનું નામ | વિષય | કેટેગરી |
|---|---|---|
| TABIYAR SHAILESHKUMAR DHULJIBHAI | HISTORY | ST |

ઉપરોક્ત વિગતે પસંદગી પામેલ ઉમેદવારને આમુખ (2) મુજબ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા ભલામણપત્ર પાઠવવામાં આવેલ છે, જેને ધ્યાને લેતા આ સંસ્થામાં આમુખ (3) મુજબ અધ્યાપક સહાયક તરીકે પાંચ વર્ષની મુદ્દત માટે માસિક 40176/- ફિક્સ પગારથી નીચેની શરતોને આધીન આપની નિમણુંક કરવામાં આવે છે.

(1) આ નિમણુંક આદેશની તારીખથી કામકાજના દિન 7માં આપશ્રીએ અત્રેની સંસ્થામાં ફરજ પર હાજર થવાનું રહેશે.

(2) આ નિમણુંક આદેશ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીના તાતા. ૧૨/૦૬/૨૦૨૧ના પત્ર અન્વયે સંસ્થાને સંબંધિત વિષયમાં આપવામાં આવેલ એન.ઓ.સી.ની શરતોને આધીન તથા સરકારશ્રી દ્વારા અધ્યાપક સહાયકની ભરતી અને સેવા વિષયક બાબતો અંગેની વખતોવખતની નીતિને આધીન રહેશે.

(3) ઉમેદવારે શારીરિક યોગ્યતા, સારા ચારિત્ર્યનો પુરાવો, ભારતના નાગરિકત્વ સંબંધી શરતો તથા નિયત લાયકાત સંબંધી શરતો વગેરે સંબંધી જો સંસ્થાના નિયમોની સ્પષ્ટ જોગવાઈઓ ન હોય તો ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 હેઠળની જોગવાઈઓને અનુસરવાની રહેશે.

(4) આ નિમણુંકપત્ર મળ્યા બાદ આપશ્રીએ મેડિકલ એક્ઝામિનેશન અને ચારિત્ર્ય સંબંધી પોલિસ તપાસ, લાયકાત સંબંધી બાબત (શૈક્ષણિક અનુભવના પ્રમાણપત્રોની ખરાઈ) સંબંધિત યુનિવર્સિટીની માન્યતા વગેરે અંગેની પ્રક્રિયા પૂરી કરી સંસ્થામાં રજૂ કરવાની રહેશે.

(5) આપશ્રીએ સરકારશ્રીની વખતોવખતની જોગવાઈઓ અનુસાર લાગુ પડતી તમામ પરીક્ષાઓ ઉત્તીર્ણ કરવાની રહેશે.

(6) માન. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગાંધીનગરના પ્રવર્તમાન નિયમો મુજબ નક્કી કરવામાં આવેલ રજા-સેવા-ભવિષ્યનિધિ તથા નોકરી-સેવા અંગેના નિયમો આપશ્રીને બંધનકર્તા રહેશે અને ભવિષ્યમાં સરકારશ્રી દ્વારા તેમાં સુધારા-વધારા-ઉમેરા કરવામાં આવશે તો તે પણ આપશ્રીને બંધનકર્તા રહેશે.

(7) આપશ્રીને પ્રતિ માસ સરકારશ્રીના નીતિનિયમ પ્રમાણે અધ્યાપક સહાયકની મૂળ નિમણુંકની તારીખથી પાંચ વર્ષ સુધી સંતોષકારક કામગીરી બજાવશો તે શરતે ફિક્સ પગાર ચૂકવવામાં આવશે. ફિક્સ પગારમાં કોઈ પણ ઈજાફો, મોંઘવારી ભથ્થું, અન્ય ભથ્થા કે પગારપંચના કે અન્ય કોઈપણ લાભો મળવાપાત્ર થશે નહીં.

(8) આપને સોંપવામાં આવેલ અભ્યાસક્રમના વિષયો ઉપરાંત સંસ્થામાં કરવામાં આવતા વહીવટી કાર્યો અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓની ઉજવણી સાથે જે કંઈ કાર્યક્રમો હાથ ધરાય તેમાં આપશ્રીએ સમજપૂર્વક અને પૂર્ણ શ્રદ્ધાથી સાથ આપવાનો રહેશે.

(9) અધ્યાપક સહાયકની પાંચ વર્ષની સંતોષકારક કામગીરી કર્યા પછી સરકારશ્રીના શિક્ષણ વિભાગની નીતિ અનુસાર પગારધોરણમાં મૂકવામાં આવશે.

. નં. F.7 સાબરકાંઠા સ્થાપના તા. ૧૫-૭-૧૯૫૩ ફોન :- (૦૨૭૭૨) ૨૨૨૦૪૨

# શ્રી વડાલી કેળવણી મંડળ

(Exemption U/S 80 G(5) of the I.T. Act 1961 No. DIT (E)/80G(5)/144/07-08 Dt. 22-09-08)

શ્રી વડાલી કેળવણી મંડળ
મુ.પો.તા. વડાલી
જી. સાબરકાંઠા, પીન - ૩૮૩૨૩૫



SHRI VADALIKELAVANI MANDAL
AT & PO. VADALI
DIST. SABARKANTHA, PIN - 383235

જા.નં. તા.

(10) બંને પક્ષે ૧ માસની નોટિસ આપીને નિમણુંકનો અંત લાવી શકાશે. પરંતુ આપશ્રીની વારંવારની ફરજ પરની ગેરહાજરી, ફરજ પરની અનિયમિતતા, સંતોષકારક કામગીરીનો અભાવ, સંસ્થાના નીતિનિયમોનું ઉલ્લંઘન કે ગેરશિસ્ત જેવા કારણોમાં વગર નોટિસે છૂટા કરવામાં આવશે.

(11) અધ્યાપક સહાયકના પાંચ વર્ષ દરમ્યાન નિયમ મુજબ ફક્ત પરચુરણ (કેજ્યુઅલ) રજાઓ મળવાપાત્ર થશે. તે સિવાય કોઈપણ પ્રકારની રજા મળવાપાત્ર થશે નહીં. કપાત પગારી રજાના દિવસો નોકરીના વર્ષોમાં ગણતરીમાં લેવામાં આવશે નહીં.

(12) આચાર્યશ્રી તરફથી વખતોવખત સોંપવામાં આવે તે કામગીરી બજાવવાની રહેશે.

(13) જો આ વિષય બંધ થશે કે વર્કલોડ નહીં જળવાય તો આપની સેવાઓ સરકારના સેવા-વિષયક નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

(14) આપશ્રી નોકરી દરમ્યાન જો રહેઠાણ બદલો તો તાત્કાલિક દિન ૩માં લેખિતમાં પુરાવા સહિત નવા સરનામાની જાણ અત્રેની સંસ્થાને કરવાની રહેશે. જો આપશ્રી દ્વારા તે પૂરી પાડવામાં નહીં આવે તો સંસ્થાના રેકર્ડ ઉપર આપશ્રીનું જે સરનામું હશે તે જ સરનામે પત્રવ્યવહાર કરવામાં આવશે.

પ્રમુખ શ્રી

President
Shri Vadali Kelvani Mandal
Vadali, Dist.Sabarkantha

પ્રતિ,

1. તબિયાર શૈલેષકુમાર ભુળજીભાઈ ઉમેદવાર
2. આચાર્યશ્રી, સદર કોલેજ
3. સંયુક્ત શિક્ષણ નિયામક (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર
4. નાયબ નિયામક (હિસાબ), ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર
5. રજિસ્ટ્રાર, સંબંધિત યુનિવર્સિટી
6. હુકમ ફાઈલે



**શ્રી વડાલી કેળવણી મંડળ, સંચાલિત સંસ્થાઓ :**

- શેઠ સી.જે. હાઈસ્કૂલ ફોન : (૦૨૭૭૮) ૨૨૨૦૪૨ (રહે) ૨૨૨૭૦૭ ઉચ્ચતર માધ્યમિક (વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન)
- શેઠ જે.વી. દોશી પૂર્વ પ્રા. શાળા ફોન : (૦૨૭૭૮) ૨૨૨૦૪૩
- શેઠ પી.કે. શાહ ગર્લ્સ હાઈસ્કૂલ ફોન : ૨૨૨૮૧૦ (પ્રાથમિક, માધ્યમિક)
- શેઠ શ્રી ભુરાલાલ છગનલાલ શાહ આર્ટ્સ કોલેજ, વડાલી ફોન : ૨૨૦૦૭૪
- મહારાણા પ્રતાપ બક્ષી કુમાર છાત્રાલય
- એકલવ્ય એસ.ટી. કુમાર છાત્રાલય

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી
કવટ શાખા, બ્લોક નં. ૧૨/૨ , બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

# ભલામણપત્ર

CHE/RAS2020/2022/248

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં. 12/2, ડો. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તા. 29/07/2022

પ્રતિ,
આચાર્યશ્રી,
Sheth Bhuralal Chaganlal Shah Arts College, Vadali, Dist. Sabarkantha

વિષય : રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી અન્વયે નિમણૂંક આપવા બાબત.
સુજ્ઞશ્રી,

અત્રેની કચેરી દ્વારા અનુદાનિત કોલેજોના સત્તા મંડળો અને સંબંધિત યુનિવર્સિટીઓના સહયોગથી આયોજિત અધ્યાપક સહાયક ભરતી પ્રક્રિયા - 2020માં ભાગ લેવા બદલ અભિનંદન. રાજ્યની અનુદાનિત કોલેજોમાં ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં ખાલી રહેતી શૈક્ષણિક જગ્યાઓના કાર્યભાર અને રોસ્ટર ક્રમાંક આધારિત ખાલી જગ્યાઓની જાહેરાત આપવામાં આવી હતી. આ જગ્યાઓ પર શ્રેષ્ઠ અધ્યાપકોની ઉપલબ્ધિ પારદર્શી પદ્ધતિએ નિયમાનુસાર ભરતી પ્રક્રિયા દ્વારા સહિયારા અને સંન્નિષ્ઠ પ્રયાસો વડે સંપન્ન કરવાની આ કચેરીની નેમ હતી અને તે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યના તા. 23-12-2019ના ઠરાવ ક્રમાંક એનજીસી/1019/CHE-768/ખ ને આધિન પૂર્ણ કરવામાં આવેલ છે.

વધુમાં સહર્ષ જણાવવાનું કે અધ્યાપક સહાયક ભરતી પ્રક્રિયા - 2020 અંતર્ગત તા. 29/07/2022 ના રોજ **G3 Interview Room No. 2, Government Science College, Gandhinagar** કેન્દ્ર ખાતે **Sheth Bhuralal Chaganlal Shah Arts College, Vadali, Dist. Sabarkantha** કોલેજના **History** વિષયની **ST_General** કેટેગરી માટે ઈન્ટરવ્યુ કાર્યવાહી યોજાઈ હતી. આ ઈન્ટરવ્યુ કાર્યવાહીમાં અધ્યાપક સહાયકની જગ્યા પર કરેલ ઓનલાઈન અરજી અને ઈન્ટરવ્યુની કાર્યવાહી બાદ નીચે મુજબના ઉમેદવાર પસંદગી પામેલ છે. તે જગ્યાની પસંદગી યાદી સામે આપના મંડળ તથા ઉમેદવાર દ્વારા આપવામાં આવેલ પસંદગીનો સ્વીકાર કરતી બાંહેધરીને આધીન આપની સંસ્થા ખાતે નિમણુંક આપવા નીચેના ઉમેદવારની ફાળવણી કરવામાં આવે છે.

ઉમેદવારનું નામ : Shaileshkumar Dhuljibhai Tabiyar
અરજી ફોર્મ ક્રમ : 202123030838
વિષય : History કેટેગરી : ST (Category_Gategory)
સરેરાશ પસંદગી ગુણ : 4.51
કોલેજનું નામ : Sheth Bhuralal Chaganlal Shah Arts College, Vadali, Dist. Sabarkantha

આપે આ ભલામણ પત્રની તારીખથી કામકાજના દિન 7માં ઉક્ત ઉમેદવારને નિયુક્તિ આપવાની કાર્યવાહી સંપન્ન કરવાની રહેશે. ઉમેદવાર સંસ્થા સમક્ષ હાજર થતા તુરંત જ હાજર કરવા અંગેની કાર્યવાહી કરી, અત્રે જાણ કરવાની રહેશે. વધુમાં ઉમેદવારોને નિમણૂંક આપતી વખતે નીચે મુજબની બાબતો ધ્યાને લેવા વિનંતી છે.

(1) આ ભલામણ પત્ર અન્વયે આપવામાં આવતી નિમણૂંક આ કચેરીના તા. 12/06/2021 ના પત્ર અન્વયે સંસ્થાને સંબંધિત વિષયમાં આપવામાં આવેલ એન.ઓ.સી.ની શરતોને આધીન તથા સરકારશ્રી દ્વારા અધ્યાપક સહાયકની ભરતી અને સેવા વિષયક બાબતો અંગેની વખતોવખતની નીતિને આધીન રહેશે.

(2) 10th Marksheet ડોક્યુમેન્ટના આધારે ઉમેદવારનું સાચું નામ Tabiyar Shaileshkumar Dhuljibhai છે. આથી સંસ્થાએ તેમનો નિમણુંક આદેશ આ મુજબના સાચા નામથી આપવાનો રહેશે.

(3) સંસ્થાએ ઉમેદવારને નિયુક્તિ આપતી વખતે પોતાના નિયમોની જોગવાઈ હેઠળ ઉમેદવારની શારીરિક યોગ્યતા , સારા ચારિત્ર્યનો પુરાવો, ભારતના નાગરિકત્વ સંબંધી શરતો તથા નિયત લાયકાત સંબંધી શરત અને અજમાયશી સમય સંબંધી શરત વગેરે નિમણૂંક હુકમમાં સ્પષ્ટ રીતે દર્શાવવાની રહેશે. જો સંસ્થાના નિયમોની આવી સ્પષ્ટ જોગવાઈઓ ન હોય તો ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો 1967 હેઠળની જોગવાઈઓ અનુસરવાની રહેશે.

(4) સંસ્થાએ નિમણૂંક આપ્યા બાદ ઉમેદવારના મેડિકલ એક્ઝામિનેશન અને ચારિત્ર્ય સંબંધી પોલિસ તપાસ, લાયકાત સંબંધી બાબત (શૈક્ષણિક અનુભવના પ્રમાણપત્રોની ખરાઈ) સંબંધિત યુનિવર્સિટીની માન્યતા વગેરે અંગેની પ્રક્રિયા વહીવટી મંજૂરી સમયે પૂર્ણ કરી અત્રે રજૂ કરવાના રહેશે.

(5) અધ્યાપક સહાયક તરીકે પસંદ થયેલ ઉમેદવારે નિયત સમયમર્યાદામાં સીસીસી પ્લસ અને હિન્દી મુક્તિની પરીક્ષા ઉત્તીર્ણ કરવાની રહેશે, જેનો ઉલ્લેખ નિમણૂક આદેશમાં કરવાનો રહેશે.

કમિશનર

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,

ગાંધીનગર (ગુ.રા.)

સહી અર્થે અધિકૃત

સરકારી પ્રતિનિધિશ્રીના સહી-સિક્કા

**Principal,**
**Dharmendrasinhji Arts College,**
**RAJKOT.**

નકલ રવાના :-

(1) પ્રમુખ/મંત્રીશ્રી, સંબંધિત સત્તામંડળ, કોલેજ, યાદી મુજબ તમામ

(2) રજિસ્ટ્રારશ્રી, યુનિવર્સિટી, તમામ

(3) કોલેજ વહીવટ સદર કચેરી, હુકમ ફાઈલે

ક્રમાંક: કમઉ/ISCE/ભરતી/૨૦૨૧/ 258 /200
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ડો. જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૧૨/૨, જુ.સ., ગાંધીનગર
તા. ૧૨/૫/૨૦૨૧

પ્રતિ
આચાર્યશ્રી,
આર્ટ્સ કોલેજ, વડાલી, સાબરકાંઠા

વિષય : બિનસરકારી અનુદાનિત કોલેજમાં કેન્દ્રિયકુત ધોરણે અધ્યાપક સહાયકની ખાલી જગ્યા ભરવા
એન.ઓ.સી. આપવા બાબત.

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગના તા.૨૫.૦૮.૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: એનઓસી/૧૧૦૪/૧૬૫૭/ખ, તથા સમાનાંકિ તા.૨૮.૦૩.૨૦૦૬, તા.૧૬.૦૬.૨૦૦૮, અને તા.૧૫.૦૬.૨૦૧૦
(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: સીબીસીએસ/૨૬૨૦૧૧-૯૧૮/ખ તા.૧૧.૦૪.૨૦૧૧
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૨૬૧૦/૧૦૫૫-૯૧૮/ખ તા.૦૭.૦૬.૨૦૧૧
(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ તા.૧૪.૦૯.૨૦૧૧
(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ તા.૧૪.૧૧.૨૦૧૧
(૬) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૦૪/૧૬૫૭/ખ તા.૦૪.૦૪.૨૦૧૭
(૭) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૨/૧૯૩૯/ખ તા.૨૭.૦૭.૨૦૧૭
(૮) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ, તા.૧૬.૦૮.૨૦૧૭
(૯) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ, તા.૧૮.૦૫.૨૦૧૮
(૧૦) યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હીનું નોટીફીકેશન, તા.૧૮.૦૭.૨૦૧૮
(૧૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: પગર/૧૦૧૮/૧૯૨/ખ, તા.૦૧.૦૨.૨૦૧૯
(૧૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: એનજીસી/૧૦૧૯/CHE-૭૬૮/ખ, તા.૨૩.૧૨.૨૦૧૯
(૧૩) સંસ્થાની એન.ઓ.સી.ની માંગણી દરખાસ્ત નંબર: ૪૭૭ તા. ૧૨/૫/૨૧ સંચાલક મંડળનુ તા. ૧૨/૫/૨૧ નું સોગંદનામુ/એકરારનામું અને આચાર્યશ્રીનું તા. ૧૨/૫/૨૧ નું પ્રમાણપત્ર

ઉપરોકત વિષય પરત્વે સંદર્ભ: ૧ થી ૧૨ પરની બાબતો લક્ષમાં લેતા આપની સંસ્થામાં શૈક્ષણિક જગ્યાઓ, સંદર્ભ: (૭) દર્શિત ઠરાવ મુજબ અધ્યાપકના મૃત્યુ, નિવૃતિ, કે રાજીનામાના કારણોસર ખાલી પડેલ જગ્યા ભરવા માંગણીના સંદર્ભમાં નીચેના પત્રકમાં જણાવ્યા પ્રમાણેના વિષયના સંદર્ભ: (૧) દર્શિત તા.૨૫.૦૮.૨૦૦૫ ના ઠરાવની જોગવાઇ મુજબ "અધ્યાપક સહાયક"નાં નામાભિધાનથી મદદનીશ પ્રાધ્યાપકની જગ્યાઓ કેન્દ્રિયકુત ભરતી પ્રકિયા દ્વારા ભરવા માટે એન.ઓ.સી. આપવામા આવે છે. આ એન.ઓ.સી. અત્રેની કચેરીના તા.૧૮.૦૨.૧૯૮૫ ના પરિપત્ર ક્રમાંક: ઉબક/સરપ્લસ/ક/૧૭૫૩/૧૯૭૫ ની જોગવાઇ મુજબ જયા સુધી વર્કલોડ તથા વિધાર્થીઓની સંખ્યા જળવાઇ રહે ત્યા સુધી નીચેની શરતોનું પાલન કરવાની શરતે આ સાથેના બિડાણ મુજબની એન.ઓ.સી.આપવામાં આવે છે

શરતો:

(૧) આ એન.ઓ.સી. સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:એનજીસી/૧૧૨૦૧૦/૩૨૬૯/ખ., તા.૧૪.૦૯.૨૦૧૧ની જોગવાઇ અન્વયે કેન્દ્રિયકુત ભરતી ધોરણે પ્રકિયા કરી "અધ્યાપક સહાયક" નાં નામાભિધાનથી થી મદદનીશ પ્રાધ્યાપકની ખાલી જગ્યાઓ ભરવા માટે છે. આ સિવાય અન્યથા કોઇ રીતે ભરતી પ્રકિયા કરી શકાશે નહી.

(૨) આ એન.ઓ.સી. સંદર્ભ: (૧૩) માં જણાવેલ કોલેજ દ્વારા રજુ કરવામાં આવેલ જે તે વિષયના કાર્યભારની વિગતો, સંચાલક મંડળનું સોગંદનામું/એકરારનામું તેમજ કોલેજનાં આચાર્યશ્રી નું પ્રમાણપત્ર તથા રોસ્ટર રજીસ્ટરની વિગતોને ધ્યાને લઇ આપવામાં આવે છે. આ બાબતે કોઇ પણ વિસંગાતતા ઉભી થાય તો આપેલ એન.ઓ.સી. રદ કરવામાં આવશે.

(૩) મંજુર કરેલ જગ્યાની ભરતી માટે યુ.જી.સી. અને આ કચેરીના વખતોવખત ના પરિપત્ર તથા સરકારશ્રીના ઠરાવો મુજબની પધ્ધતિનો સંપૂર્ણપણે અમલ કરવાનો રહેશે.

(૪) મંજુર કરેલ અધ્યાપક સહાયકની જગ્યાનો કાર્યભાર જે તે વિષયમાં પ્રવર્તમાન ગ્રાન્ટના ધોરણને આધિન રહીને સંસ્થાના કાર્યરત/ચાલુ શૈક્ષણિક સ્ટાફને મહત્તમ કાર્યભાર સોપ્યા બાદ ખરેખર વર્કલોડ સોપ્યા વગરનો બાકી રહેવો જોઇએ.

(૫) વિધાર્થીઓની સંખ્યા, પ્રવેશ રદ અને વિષય બદલવાની અરજીઓ ધ્યાનમાં લીધા પછી જ ખરેખર કાર્યભાર ગણત્રી કર્યા બાદ જ નિમણુંક આપવાની રહેશે. તથા હાજર કરવાના રહેશે. આ બાબતે કોલેજના આચાર્યશ્રી તથા સંચાલક મડળની સંપૂર્ણ જવાબદારી ગણાશે.

(૬) આ એન.ઓ.સી. હેઠળની જગ્યા માટેની શૈક્ષણિક લાયકાત તથા અનુભવ વખતો વખતના આનુષાંગિક ઠરાવોમાં કરવામાં આવેલ જોગવાઇ અનુસાર તથા સંદર્ભ: (૧૦) દર્શિત યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, ન્યુ દિલ્હીના રેગ્યુલેશન-૨૦૧૮, તા.૧૮.૦૭.૨૦૧૮ના નોટીફિકેશનથી નક્કી થયેલ ધારા ધોરણો મુજબ રહેશે અને તેમાં જણાવ્યા મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારની પંસદગી "અધ્યાપક સહાયક" તરીકે કરવાની રહેશે. અન્યથા મંજુર કરેલ જગ્યાના પગાર ભથ્થા ગ્રાન્ટને પાત્ર રહેશે નહી.

(૭) આ એન.ઓ.સી. હેઠળની જગ્યાની ભરતીમાં રાજ્ય સરકારે નક્કી કરેલ ભરતી પદ્ધતિનો અમલ કરવાનો રહેશે, શિક્ષણ વિભાગના તા.૧૪.૦૮.૨૦૧૧ના ઠરાવમાં અને ત્યારબાદ સંદર્ભ (૧) દર્શિત તા.૨૨.૧૨.૨૦૧૬ ના ઠરાવમાં [illegible] જોગવાઈઓનું પાલન કરીને સિલેકશન કમિટી દ્વારા નિયત મુલ્યાંકન પદ્ધતિના આધારે ઉમેદવારની પસંદગી કરવાની રહેશે.

(૮) નિમુણકને પૂર્વ મંજુરી/વહીવટી મંજુરી આ કચેરીના તા.૨૬.૦૬.૧૯૯૯ ના પરિપત્ર ક્રમાંક: ઉબક/[illegible]/૯૯-૯૦/૧૧૦૦૧/૨૭૦ માં જણાવ્યા મુજબના સાધનિક પત્રકો/કાગળો તથા વરણી સમિતિના મુલ્યાંકન પત્રકો(ગુણપત્રક) તેમજ તેનું એજન્ડા પત્રક તથા રોજકામની નકલ વગેરે દરખાસ્તમાં અચુક સામેલ રાખવાના રહેશે.

(૯) શિક્ષણ વિભાગના તા.૦૬.૧૦.૧૯૯૮ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૨૯૮/૨૮૫૩૫/ગ, અન્વયે ગ્રાન્ટ ઇન એઇડ શૈક્ષણિક સંસ્થાઓમાં રાજય સરકાર તથા સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી/ભલામણ સિવાય નિમણુંક નહીં કરવાની જોગવાઇ મુજબ તે અંગેના આ કચેરીના તા.૦૨.૦૧.૧૯૯૯ ના પરિપત્ર ક્રમાંક: ઉબક/ડીપી/(વ.૨)ક/૯૮-૯૯/૨૦૦૮/૪૨૩ ની સુચના મુજબ વરણી સમિતીએ પસંદ કરેલ ઉમેદવારની નિમણુંકની પૂર્વમંજુરી/ ભલામણ પત્ર આ કચેરીએથી મેળવ્યા બાદ જ નિમણુંક હુકમ આપવાનો રહેશે.

(૧૦) ઉમેદવારની નિમણુંક યુનિવર્સિટી તરફથી પ્રવેશ મજુરી અને અધ્યાપક સહાયક તરીકેની મંજુરી મળ્યા બાદ અત્રેની કચેરીના તા.૦૬.૧૦.૧૯૯૮ના ઠરાવ અને તા.૦૨.૦૧.૧૯૯૯ના પરિપત્ર અન્વયે આપેલ પૂર્વ મંજુરી અને વહીવટી મંજુરીને આધિન જ પગારભથ્થા કોલેજે આકારવાના રહેશે અન્યથા કોલેજ દ્વારા ચુકવાયેલ એડહોક પગારભથ્થાની જવાબદારી આ કચેરીની રહેશે નહી.

(૧૧) આ એન.ઓ.સી. હેઠળ પસંદગી પામનાર "અધ્યાપક સહાયક"ની અત્રેની કચેરીની પૂર્વમંજુરી બાદ સંસ્થાએ આપેલ નિયુક્તિ સરકારશ્રીના વખતોવખતના ધોરણો અનુસાર પગારભથ્થા અને સેવાની શરતોને આધીન રહેશે.

(૧૨) આ કોલેજમાં વિદ્યાર્થીની સંખ્યા ઘટે અથવા અન્ય કોઇ કારણોસર કોલેજ બંધ થાય તો આ યોજના હેઠળ નિમણુંક પામેલ "અધ્યાપક સહાયક"ને છુટા કરવાના રહેશે. અને તેમને સંદર્ભ: (૧) દર્શિત તા.૨૫.૦૮.૨૦૦૫ ના ઠરાવની જોગવાઈ મુજબ ફાજલનું રક્ષણ મળવાપાત્ર રહેશે નહી. પરંતુ જો તે કોલેજમાં તેના વિષયની જરૂરિયાત પુન: ઉભી થાય તો આવા છુટા કરેલ ઉમેદવારને પુન: તે જ કોલેજમાં પુન: નિયુક્તિ કરી શકાશે અને આવી નિમણુક તદ્દન નવી ગણાશે.

(૧૩) સંબધિત કોલેજે જે વિષયમાં એન.ઓ.સી. મેળવવા માટેની દરખાસ્ત કરેલ હોય અને તે વિષયમાં અત્રેની કચેરી દ્વારા ફાજલ વ્યાખ્યાતાને કાળવવામાં આવેલ હોય તો તે વિષયની એન.ઓ.સી. આપોઆપ રદ ગણાશે. તદુપરાંત અત્રેની કચેરી દ્વારા જે તે વિષયમાં ફાજલ અધ્યાપકને સમાવવાના થાય તો તેવા અધ્યાપકને કોલેજે સમાવવાના રહેશે અને તે સમયે કોલેજને આપેલ એન.ઓ.સી. આપોઆપ રદ ગણાશે

(૧૪) અત્રેની કચેરી દ્વારા યોજવામાં આવેલ કેમ્પ સમયે સંસ્થાના આચાર્યશ્રી દ્વારા જગ્યા ભરવા માટે રજુ કરવામાં આવેલ દરખાસ્તમાં જે વિષયમાં એન.ઓ.સી.ની માંગણી માટે દરખાસ્ત કરેલ છે તે વિષયમાં કોલેજ દ્વારા કોઇ અધ્યાપકને સંખ્યાધિક કરવામાં આવેલ નથી તેવું રજુ કરેલ પ્રમાણપત્ર ધ્યાને લઇ આ એન.ઓ.સી. આપવામાં આવે છે.

(૧૫) આ એન.ઓ.સી. હેઠળની નિમણૂંક અંગે આ કચેરી દ્વારા અગાઉ આપેલ વખતોવખતની સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૬) આ એન.ઓ.સી. કોઇ કોર્ટ કેસ/લીટીગેશન હોય તો તેમાં થયેલ/થનાર આદેશો પરત્વે સરકારશ્રી કક્ષાએથી લેવાયેલ નિર્ણયોને આધીન રહેશે.

(૧૭) ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩.૦૮.૨૦૦૮ તેમજ તા.૧૮.૦૩.૨૦૧૬ ના ઠરાવથી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા જોઇશે

(૧૮) આ અગાઉ વર્ષ ૨૦૨૦ માહે ડીસેમ્બર દરમ્યાન એન.ઓ.સી આપવામા આવેલ હોય તો, તે રદ ગણવામાં આવશે અને આ પત્ર સાથેની જ એન.ઓ.સી. માન્ય ગણવામાં આવશે.

નાયબ નિયામક(કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર.

બિડાણ:- એન.ઓ.સી.નું વિગત વાર પત્રક

NOC/CHE/2021/GCC-G

E -GYAN NO. 258

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા. ૧૨/૬/૨૧ ના પત્રાંક - કવટ/ISCE/ભરતી/૨૦૨૧/ 200 સાથેનુ બિડાણ

કોલેજનું નામ: આર્ટ્સ કોલેજ, વડાલી, સાબરકાંઠા

| ક્રમ | વિષય | કેટેગરી | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | એસ.સી. | | એસ.ટી. | | ઓ.બી.સી. | | પી.એચ. | | ઇ.ડબ્લ્યુ.એસ. | | ઓપન | | કુલ | |
| | | G | F | G | F | G | F | G | F | G | F | G | F | G | F |
| 1 | HISTORY | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 |

નોંધ: 'G' એ મહિલા અને પુરૂષ માટે સંયુક્ત રીતે જગ્યાનો પ્રકાર દર્શાવે છે. અને "F" ફક્ત મહિલા ઉમેદવારો માટે નિર્દેશિત કરે છે.

નાયબ નિયામક (કોલેજ)
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
ગુ.રા. ગાંધીનગર

# Hemchandracharya North Gujarat University

PATAN - 384 265 (N.G.)

Accredited by NAAC with "A" Grade (CGPA 3.02)


ક્રમાંક : એકે/માન્યતા/૨૮૭/ ૩૧૯૪ /૨૦૨૨ તારીખ : ૭ /૦૯/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
શેઠશ્રી ભુરાલાલ છગનલાલ શાહ આર્ટસ કોલેજ,
કોલેજ કેમ્પસ,
**મુ.પો.તા.વડાલી**–૩૮૩ ૨૩૫
જિ.–સાબરકાંઠા

**વિષય : અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર અંગે.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના આપના તારીખ.૧૫/૦૮/૨૦૨૨ ના પત્ર ક્રમાંક : ૭૨૨/૨૦૨૨ ના જવાબમાં આદેશાનુસાર જણાવવાનું કે, જોડાણની શરતોના પરિપાલનના સંદર્ભમાં આપની કોલેજમાં નવા નિમાયેલ––

(૧) નીચે દર્શાવેલ શિક્ષકની નિમણૂંકને માન્યતા આપવામાં આવે છે.

| ક્રમાંક | શિક્ષકનું નામ | હોદ્દો | વિષય |
|---|---|---|---|
| ૧. | ડૉ.શૈલેષકુમાર ધુળજીભાઈ તબિયાર | અધ્યાપક સહાયક | ઈતિહાસ |

**નોંધ :** ઉપરોક્ત અધ્યાપકને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,ગાંધીનગરના તા.૨૯/૦૭/૨૦૨૨ ના પત્ર ક્રમાંક : CHE/RAS2020/2022/248 ના પત્રને આધિન માન્યતા આપવામાં આવે છે.

વધુમાં ઉમેરવાનું કે, ઉપર નિર્દિષ્ટ શિક્ષકને આ પત્રની વિગતની જાણ કરશો તથા યુનિવર્સિટીના આ પત્રની તારીખ અને પત્ર નંબરની તેઓને નોંધ કરાવશો. આપે આ અંગે લીધેલા પગલાંની યુનિવર્સિટી કાર્યાલયને તાકીદે જાણ કરવાની રાખશો.

આપનો વિશ્વાસુ

(ડૉ.આર.એન.દેસાઈ)
કા.કુલસચિવ

**નકલ સાદર રવાના :**

⇨ સિલેક્ટ ફાઈલે.


P.B. No. 21, University Road, Patan. 384265, Gujarat State. INDIA
Phone : +91 2766 - 237000, 220932, 230529 Fax : +91 2766 - 231917
Mail : regi@ngu.ac.in Web : www.ngu.ac.in